# -:: જાહેરનામું ::-

**-:: નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ-૩૦ તથા ૩૪, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, તેમજ ધ એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ કલમ-૨ હેઠળનું જાહેરનામુ ::-**

નં.ડીસીબી/એમએજી/કોરોના/રજી.નં.૭૪/૨૦૨૦
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,વલસાડ
તા.૧૬/૦૫/૨૦૨૦

વંચાણે લીધુ :- (૧) એપેડેમીક ડીઝીઝ એક્ટ - ૧૮૯૭
(૨) ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ -૨૦૦૫
(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૦૪/૨૦૨૦
(૪) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ No.40-3/2020-DM-1(A) Date:15/04/2020 , Date:01/05/2020
(૫) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની તા.૧૬/૦૫/૨૦૨૦ની દરખાસ્ત

**જાહેરનામું :-**

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ફેલાયેલ છે. કે જેને ની હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈજેશન ધ્વારા વૈશ્વિક મહામરી જાહેર કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં પણ (COVID-2019) ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમાંયતરે નોવેલ કોરોના વાઈરસ (COVID-2019) ની ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક : 40-3/2020-dm-1(A) Dtd.24/03/2020, Dtd.15/04/2020 & Dtd.01/05/2020 થી સમગ્ર ભારતમાં તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં પોઝીટીવ કેસ પ્રકાસમાં આવેલ છે. આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે, હું સી.આર.ખરસાણ આઇ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ જિલ્લો નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૨૬ (૨), ૩૦ તથા ૩૪ અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ કલમ-૨ અનવ્યે મને મળેલ સત્તાની રૂઇએ નીચે મુજબ દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂ છું.

Scanned with CamScanner

**હુકમ :-**

**કલ્સ્ટર કન્ટાઇનમેન્ટ ઝોન**

નીચે જણાવેલ વિસ્તારને (COVID-19) Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

- (COVID-19) મોજે : વાપી શહેરમાં આવેલ અલહુસેન બિલ્ડીંગ, ગોદાલનગર, વાપી ખાતે કોરોના પોઝીટવ કેસ આવતા તેને એપીસેન્ટર જાહેર કરવામાં આવતા, જે અંતર્ગત સમગ્ર ગોદાલનગર વિસ્તારને "કલ્સ્ટર કન્ટાઇનમેન્ટ ઝોન" તરીકે જાહેર કરેલ છે. તે વિસ્તારની હદ સીલ કરવાની રહેશે.ભારત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ No.40-3/2020-DM-1(A) તા.૦૧/૦૫/૨૦૨૦ ની પેરા નં. ૩ (iv) આરોગ્ય વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા પેરા નં.૫ માં જણાવ્યા મુજબ કન્ટાઇમેન્ટ ઝોનમાં સ્માવિષ્ટ ઓ.પી.ડી. અને મેડીકલ ક્લિનીક ચાલુ કરી શકાશે નહી.

ઉપરોક્ત વિસ્તારમાં તમામ પ્રકારની અવરજવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે આ વિસ્તારના રહેવાશીઓને ચીફ ઓફીસરશ્રી વાપી નગર પાલિકાએ રાશન વિગેરે આવશ્યક ચીજ વસ્તુઓ હોમ ડીલીવરી થી પુરી પાડવાની રેહેશે.

**બફર ઝોન**

વાપી શહેરના વોર્ડ નંબર-૪ ના તમામ વિસ્તારને "બફર ઝોન" તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

ઉપર મુજબના બફર એરીયાના ગામની હદ નકકી કરીને અવર જવર પર નિયંત્રણ રાખવાનું રહેશે. બફર એરીયાના વિસ્તાર માટે આવશ્યક સેવાના પુરવઠા સબંધિત અવર જવર માટે નિયંત્રણ રાખવાનું રહેશે. આવશ્યક ચીજ વસ્તુઓની ખરીદી માટે ગામની હદ અંદર માત્ર સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધી મુકતિ આપવામાં આવે છે. જેમાં સોશિયલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સમયગાળા દરમ્યાન દ્રીચક્રીય વાહન પર ૧ વ્યકિતથી વધુ અને ત્રણ/ચાર ચક્રીય વાહનમાં બે વ્યકિતથી વધુ પ્રવાસ કરી શકશે નહી.

**-:અમલવારીનો સમય :-**

આ હુકમની અમલવારી તા.૧૬/૦૫/૨૦૨૦ થી તા.૨૯/૦૫/૨૦૨૦ સુધી ના ક.૨૪:૦૦ સુધી કરવાની રહેશે.

**-:શિક્ષા :-**

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૬૦ જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી પો.સબ ઇન્સપેકટરશ્રી કે તે ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

**-: અપવાદ :-**

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી/પ્રાયવેટ દવાખાનાના સ્ટાફ તથા ઇમરજન્સી સેવા સાથે સંકળાયેલ વ્યકિત કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં.૪૦-૩/૨૦૨૦ ડીએમ-આઇ(એ) તા.૨૪/૦૩/૨૦૨૦, તા.૨૫/૦૩/૨૦૨૦, તા.૨૭/૦૩/૨૦૨૦, તા.૨૯/૦૩/૨૦૨૦, તા.૦૨/૦૪/૨૦૨૦, તા.૦૩/૦૪/૨૦૨૦, તા.૧૫/૦૪/૨૦૨૦ તા.૦૧/૦૫/૨૦૨૦ ના હુકમથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારીશ્રી દ્વારા પાસ ઇસ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યકિતઓને આ હુકમ લાગુ પડેશે નહી. તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

Scanned with CamScanner

-: જાહેર વિજ્ઞપ્તિ :-

આથી હું આદેશ આપું છું કે આ હુકમની વ્યકિતગત રીતે બજવણી કરવી શક્ય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે. આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયા ટેલીવિઝન, કેબલ ટીવી નેટવર્ક તથા જાહેર જગ્યાએ તેની નકલો ચોટાંડીને પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજરોજ તા.૧૬/૦૫/૨૦૨૦ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

16/5/2020

(સી.આર.ખરસાણ)
જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ

DISTRICT MAGISTRATE
જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ
VALSAD

પ્રતિ,
મેનેજરશ્રી,
સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ, વડોદરા

૨ / સદરહુ જાહેરનામુ આવતા રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

**નકલ સવિનય સાદર રવાના :-**

(૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૨) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, વલસાડ
(૩) સંયુકત સચિવશ્રી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર
(૪) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત વિભાગ, સુરત
(૫) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી : વલસાડ / પારડી / વાપી / ધરમપુર / ઉમરગામ / કપરાડા

નકલ જયભારત સહ રવાના :- નાયબ માહિતી નિયામકશ્રી, વલસાડ તરફ

૨ / ઉકત જાહેરનામું આઇટેમ ઓફ ન્યુઝ તરીકે વર્તમાનપત્રોમાં વિના મુલ્યે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરી અખબારની નકલ અત્રેની કચેરીએ મોકલવા સારૂ.

નકલ જયભારત સહ રવાના :- પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ તરફ

નકલ જયભારત સહ રવાના :- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, વલસાડ તરફ

નકલ જયભારત સહ રવાના :- સીવીલ સર્જનશ્રી સીવીલ હોસ્પીટલ, વલસાડ તરફ ૨/- જાણ તથા અમલ સારૂ

**નકલ જયભારત સહ રવાના :-**

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડ
(૨) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ / પારડી /ધરમપુર/વાપી/કપરાડા
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી : વલસાડ / વાપી
(૪) કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રી : વલસાડ / પારડી / ધરમપુર / ઉમરગામ / કપરાડા/ વાપી
૨ / જાણ તથા કેબલ ઉપર બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ.
(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી વલસાડ/પારડી/પારડી/ધરમપુર/ઉમરગામ/કપરાડા તરફ બહોળી પ્રસિધ્ધી સારૂ.
(૬) સર્કલ પોલીસ ઈન્સપેકટરશ્રી : વલસાડ / ધરમપુર
(૭) પોલીસ ઈન્સપેકટરશ્રી : વલસાડ (શહેર) / વાપી ટાઉન / વાપી ઉધોગનગર / ઉમરગામ
(૮) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી : વલસાડ (રૂરલ) / ડુંગરી / પારડી / ધરમપુર / કપરાડા /ભીલાડ/ડુંગરા
(૯) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી : વલસાડ ( પશ્ચિમ રેલ્વે )
(૧૦) ચીફ ઓફીસરશ્રી : વલસાડ / પારડી / ધરમપુર / વાપી / ઉમરગામ તરફ બહોળી પ્રસિધ્ધી સારૂ.
(૧૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રશ્રી તમામ

Scanned with CamScanner